# જામનગર ચેમ્બર પોલ્યુશન કંટ્રોલ બોર્ડ તથા મનપા સાથે યોજાયેલ બેઠક

આજકાલ કાર્યાલય
જામનગર

જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ એક્ટ-૨૦૧૬ બાયલોઝ ૨૦૧૯ બાબત માર્ગદર્શન મેળવવા માટે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના અધિકારીઓ તથા જામનગર મહાનગરપાલિકાના અધિકારી સાથે તા.૧૬-૯-૨૦૧૯ ના રોજ એક બેઠકનું આયોજન કરવામાં આવેલ હતું. આ બેઠકમાં ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના રીજીયોનલ મેનેજર બી.જી.સુત્રેજા, સાયન્ટીફીક ઓફીસર પી.એસ.દવે તથા જામનગર મહાનગરપાલિકાના પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટના નોડલ ઓફીસર મનોજભાઈ રાઠોડે ઉપસ્થિત રહી માર્ગદર્શન આપેલ હતું. બેઠકની શરૂઆતમાં ચેમ્બર પ્રમુખ બિપેન્દ્રસિંહ સી. જાડેજાએ ઉપસ્થિતોનું શબ્દોથી સ્વાગત કરતા જણાવેલ કે ભારત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ કાયદાની જોગવાઈઓનું વેપારીઓને સરળ રીતે માર્ગદર્શન મળી રહે તે માટે આજની બેઠકનું આયોજન કરવામાં આવેલ છે. ત્યારબાદ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ હતું.

આ તકે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના રીજીયોનલ મેનેજર બી.જી.સુત્રેજાએ જણાવેલ કે પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટનો કાયદો વર્ષ ૨૦૧૬ થી અમલમાં છે. સરકાર જ્યારે કોઈ નવો કાયદો બહાર પાડે ત્યારે તેના ડ્રાફ્ટ નોટીફીકેશન બહાર પાડે છે અને લોકો પાસેથી સુચનો મંગાવવામાં આવતા હોય છે. ત્યારબાદ કાયદાનું અમલીકરણ કરવામાં આવે છે. તેમ આ કાયદામાં પણ સુધારા વધારા થતા તેનું અમલીકરણ હવે શરૂ કરવામાં આવેલ છે. તેમજ તેમણે એન્વાયરમેન્ટ પ્રોટેકશન એક્ટ બાબત માહિતી આપેલ હતી. વધુમાં જી.પી.સી.બી.ના સાયન્ટીફીક ઓફીસર પી.એસ.દવેએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ બાબત માહિતીઓ આપેલ હતી. જેમાં પ્લાસ્ટીકના ઉત્પાદકો, પ્રોડ્યુસરો તથા જથ્થાબંધના વેપારીઓ તથા છુટક વેપારીઓ કે જેઓ પ્લાસ્ટીક વેસ્ટ જનરેટ કરે છે તેવા વેપારીઓએ, રેકડીવાળાઓએ રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે. તથા રજીસ્ટ્રેશન માટે નિયત કરેલ ફી પણ ભરવી પડશે. આ તકે બ્રાન્ડેડ કંપનીઓની પ્રિન્ટેડ પ્લાસ્ટીક બેગ વિશે પણ વિસ્તૃત માહિતીઓ આપેલ હતી. જેમાં હવેથી ૫૦ માઈક્રોન કે તેથી વધુ માઈક્રોન કે તેથી વધુ માઈક્રોનું જ પ્લાસ્ટીક વાપરવાનું ફરજીયાત કરવામાં આવેલ છે. ૫૦ માઈક્રોનથી ઓછી ક્ષમતાનું પ્લાસ્ટીક ઉત્પાદન કરનાર, વેચનાર કે વાપરનાર દંડને પાત્ર થશે.

ત્યારબાદ જામનગર મહાનગરપાલિકાના પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટના નોડલ ઓફીસર મનોજભાઈ રાઠોડે માહિતી આપતા જણાવેલ કે પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ એટલે પ્લાસ્ટીકના ઘન કચરાનું યોગ્ય વ્યવસ્થાપન કરવું, તેને રીસાયકલ પ્રોસેસ કરવી તેનો યોગ્ય નિકાલ કરવો. સરકાર દ્વારા આ માટેના નિયમો બનાવવામાં આવેલ છે. જેમાં ઉત્પાદકે, પ્રોડ્યુસરે, ફરી વેંચનારે જામનગર મહાનગરપાલિકામાં રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે તેમજ નવા નિયમ અનુસાર પ્લાસ્ટીક બેગ ઉપર બનાવનાર અથવા વહેચનારનું નામ રજી.નંબર વગેરે પ્રિન્ટ કરવાના રહેશે. જેથી કઈ બેગ કોને બનાવી છે, કોને વેંચી છે જેથી વેસ્ટ જનરેટ થાય ત્યારે તેનો ડેટા સરકાર પાસે આવે આમ કોઈપણ બેગ (વેસ્ટ સ્વરૂપે) કોઈપણ રાજયમાંથી મળે તો પણ જે રાજયમાંથી ઉત્પાદીત થયેલ હોય કે વેચાણ થયેલ હોય તેની જવાબદારી ફીકસ થશે અને તે કંપની પાસેથી તેના રીસાયકલીંગનો ચાર્જ વસુલ કરી શકાય. જેને એકસટેન્ડેડ પ્રોડયુસર રીસ્પોન્સીબીલીટી કહેવાય છે. સરકારનો હેતુ પ્લાસ્ટીકનો વપરાશ ઓછો થાય અને વેસ્ટનો યોગ્ય નિકાલ થાય અને પર્યાવરણનું જતન થાય તેવો છે.

આ બેઠકમાં ઉપસ્થિત વેપારીઓએ તથા એસોસીએશનના પ્રતિનિધિઓએ બન્ને અધિકારીઓને પ્રશ્નોતરી દ્વારા પ્લાસ્ટીક વેસ્ટને લગતા વિવિધ મુશ્કેલી રૂપ પ્રશ્નો પુછેલ હતા. તેના બન્ને અધિકારીઓએ પ્રત્યુતર પાઠવેલ હતા.



આ તકે જી.પી.સી.બી.વતી પધારેલ જયદેવભાઈ નાનસીએ આજરોજ તા.૧૬ સપ્ટેમ્બરને વિશ્વ ઓઝોન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે તેમણે ઓઝોનની મનુષ્ય પર થતી અસર વિશે વિસ્તૃત માહિતી આપેલ હતી અને ઓઝોનનો ઘા બત્રીસ વર્ષે રૂઝી રહયો છે તેમ જણાવેલ હતું.

આ બેઠકમાં ચેમ્બરના કારોબારી સમિતિના સભ્યો, ચેમ્બર સંલગ્ન વિવિધ એસોસીએશનના પ્રતિનિધિઓ તેમજ ચેમ્બરની પર્યાવરણ અને વોટર કન્ઝર્વેશન પેનલ તથા જામનગર મ્યુનિ.કોર્પો, કાયદો વ્યવસ્થા અને ટ્રાફીક પેનલના ચેરમેનો તથા સભ્યો તથા આમંત્રીતો ઉપસ્થિત રહેલ હતાં.